પુસ્તક ... ને પડ઼ા વિભાગ;
ધોરન્ડ ... ... ા એક ગંડાગ. ૨

आर्य्यावर्त्तनी अवदशा.

(અથવા)

પડતિના કારણો.

"વસંત તિલ

મથો નીતિમય મહો
મારો સુચાન ...
નેને પ્ર
મ

નર્ક નર્ક ભક્ષક બને, બને વડા વિકાળ,
ઘોરનર્ક માંહે સદા, વસો એહ ચંડાળ.

आर्यावर्त्तनी अवदशा.

(અથવા) ૫૦૭૭

પડતિના કારણો.

"વંસત તિલીકા"

ગ્રંથો નીતિમય અહો અધિકા સુપ્રીતે,
ધારો સુજ્ઞાન ગુણને મમબંધુ ચિત્તે;
જેને પ્રમાદ વળગ્યા અળગા કરીને,
આર્યત્વત્તા ખંતથકિ હૃદયે ધરીને.

રચિને પ્રસિદ્ધ કરનાર.

बालूभाई कहांनदास मणियार.

ભાવનગરવાળા.

(મોઢદશા ગોભવા અમદાવાદી વાણિયા

હમિરરાજ ચોહાંણ, વિરાંગના વિજયમતિ
ચરિત્ર, ઉદેપુરનો રાંણાપ્રતાપસિંહ,
રાઠોડ કરણસિંહ, સિદ્ધરાજ જયસિં
પ્રસાદ વિરહ વિગેરે વિગેરેનો.

મુંબઈ

રાજ્યભક્ત ’

સંન

કિં

अर्पण पत्रिका.

દોહરો.

નિદ્રીત થાવું ધારપર, સમુદ્ર તરવો સહેલ;
સ્નેહ પંથ પળવું વિપળ, સુગમ નહિં મુશકેલ. ૧

સાક્ષર સહાયક, વિદ્યા વિલાસિયોનું નાશ થયેલું કલ્પ વૃક્ષ, મીત્રોનું ગુમ થયેલું પારસ મણિ રત્ન, નિરાશ્રીતોનો તથા અનાથ વિદ્વાનોનો તુટી પડેલો વજ્ર સ્થંભ, શુદ્ધ સુધારાનો ચુસ્ત ભક્ત !! પવિત્ર આત્મામય વિશુદ્ધ બુદ્ધિથી સદ્ કર્તવ્યોથી અને સભ્યતાઇથી દેવ રૂપ પ્રકાશિત થયેલા પ્રિય ગ્રહસ્થ; કાવ્ય કૃતિનો બાહોશ કારિગર દશા શ્રીમાળી ગ્નાતિનું કોહિનુર, મણિમય મીત્ર શબ્દનો ખરેખરે, હિમાયતી; પ્રસિદ્ધ વિદ્વાન સ્વર્ગવાસિ પ્રિય પારેખ ભગવાન દાસ.—

મહુવા વાળા.

ઉપરના વિષેશણો વાંચવાથિ અણજાણ મનુષ્યોને અતિ આશ્ચર્ય કારક લાગે, અથવા તો અતિશયોક્તી ભરેલું ભાસે તેમાં રંચ માત્ર નવાઇ જેવું નથી. પરંતુ માહારા સદ્ગતિને પાત્ર થયેલા વ્હાલા મીત્ર, તાહારા સંબંધમાં આવનાર તેમજ તહારા અંતઃકરણનું ખરૂ રહસ્ય સમજનારને તો મહારૂં લખવું હિસાબમાં પણ આવશે નહીં.

તેજમ તુરીની વ્યાપક સંબંધમાં આવનાર દરેક મનુષ્યોને પ્રયાસ પૂર્વક ઉંચ સ્થાનપર મુકનાર માહારા સર્વોત્તમ સ્નેહિ ભગવાન દાસ તાહારા નામનું સ્મરણ કરતાં અંતઃકરણ પૂર્ણ ગ્લાનિમય ઉદગારોથી ઘેરાય છે. તહારી કુટુંબ કીર્તીનો અહર મણિ તારી પાછળ અસ્ત પામેલો નિહાળી જીગરમાં જેષ્ટ જ્વાળા પ્રગટ થાય છે. પરંતુ તે કામની પણ શું ? તહારા સરખા પ્રતાપી પુત્રની ગેર હાજરીમાં તેમ બનવું તે વાસ્તવિકજ છે.

બંધુ !! શુદ્ધ સુધારાપર આરૂઢ છતાં માત્ર પ્રેમ બંધન સુદૃઢ રાખવા જતાં. એટલે કે મારા વડિલ ભોજાઇ અને આપના સુશીલ પત્નિ માનકુંવરની મમતા પરિપુર્ણ કરવા નીમિતેજ ! તહારાપર મોહાંધ થયેલી કોમલ બાલા કસુંબા ઉર્ફે રંભા નામની વિદ્વાન પદ્મનીનો તે સ્વિકાર કર્યો હતો.

અરેરે !! પ્રેમના બંધનો કેવાં હોય છે ? તેની સાદૃસ્ય નીશાની તમો દમ્પતિ વિના આ દુનિયાને આવા સમયમાં કોણ આપત ?

વ્હાલા મીત્ર !! તહારી પાછળ તહારી બંને અર્ધાંગનાઓએ આ સ્વપ્નવત્ત દુનિયામાં તાહારી ઉત્તર ક્રિયા નીમિતેજ કંઇ સેજસાજ સમય વાસ કર્યો હતો. પરં પછી ક્રમે કરિને માન કુંવર તેમજ કસુંબા બને એ જુજ મહિનામાંજ એટલે તુરત વાર તહારી પાછળ હૃદય જ્વાળાથી પ્રજળી આવા હડહડતા કલિને વિશે પણ

મણું શર્ણાધિન બની સતિયો થઇ આપ્રાની દુનિયોમાં દાખલા આપવાને કારણ ભૂત થઇ છે. ખરેખર પ્રેમના બંધનો અને દામ્પત્ય પ્રેમ તો તેવોજ હોય છે.

તહારી પાછળ મીત્ર મંડળને પણ જાણે પીંછા વિનાના મયુર અને પાંખો વિનાના પક્ષિ સરખું કલાહિન અને નિસ્તેજ થયેલું જોઉં છું. જટિલની ઝંખના અને કવિના તો રૂંવે રૂંવા તહારા કીર્તીમય નામને પોકારિ રહ્યાં છે, અને તેના દાખલા તરિકે તહારા વિયોગે રચેલું પુસ્તક નામે મીત્રને વિરહીયાને સ્વર્ગસ્થ મીત્ર ભગવાનનો વિયોગ આ નામનું પુસ્તક જન સમુદાયની દ્રષ્ટી તળે ઘણા વખતથી બહાર પડી ચુકયું છે. જે કે તમામ કવિની કલમથીજ લખાયેલું છે તેમજ તેના પ્રસિદ્ધ કરતા પણ તેઓજ છે. શાહના હ્રદયમાં તારા વિયોગે લાગેલો દાહ હજુ ઓલાયો નથી. તહારૂં માનીતું વિદ્વાન મંડળ તહારા વિયોગે શોકાબ્ધીમાં ડુબી ગયું છે. બેશક સુજ્ઞોના સ્નેહ તો તેવાજ હોય છે. આ જગતમાં સ્નેહ રસ સુદ્દઢ છે સંસારિ સંબંધ તો વ્રથા માત્ર ભ્રમણમાં ભુલાવો ખવાડનાર શિવાય બિજું કશુંજ નથી.

મારા પ્રચુર જ્ઞાનવંતા મીત્ર ભગવાનદાસ !! આર્યોની ઉન્નતી કયારે થાય અને પડતિના કારણો શું છે એ સઘળું જણાવાને સદા કાળ તું દરેક વખતે એક સરખો આતુર રહેતો હતો. દેશ સેવાનુ કાર્ય કરવું એ સંબંધી સકત ફરજ વિચારી તેના સંબંધી તહારા પ્રયત્નો હંમેશાં જારી હતા. આદિ પરહિત પણાની સજ્જડ છાપ તારા હ્રદયમાં સદાને માટે કોતરાઇ રહિ હતી. તેમજ તહારા પૈસા તેં પોતાના માન્યા ન હતા. વિગેરે તારી સદ વર્તણુકની કિંમતી નેમો યાદ આવતા તહારા વિયોગે વધ થયેલું જખમિ હ્રદય જે કઇ મલમ પાટ્ટાથી જરા સચેત કરેલું છે; તેલ થડિ જાય છે. તહારૂં સાદ્દશ્ય સ્વરૂપ મારી નજર આગળ ખડું થતાં હ્રદય ઉભરાઇ જાય છે. માટે વધારે નહીં લખતા મહારા તરફના તહારા બંધુત્વ પણાની નિશાની દાખલ મારા વ્હાલા મીત્ર મારી રંક કલમથી લખાયેલું આ નાજુક પુસ્તક તનેજ તાહારા વિયોગની વ્યાકુળતાથી નિગળતા અશ્રુ બિંદુ સહિત અર્પણ કરૂં છું તે સ્વર્ગના અભય સ્થાનને વિશે પણ કુંબ સાથે સ્વિકારજે.

હું છું

તારા સેંકડો ઉપકાર તળે દબાયેલો

તારો સ્નેહિ

સ્વિકાર્યે વિરહી બાલુંના અશ્રુ !!

સ્વર્ગસ્થ મીત્ર.

પ્રિય ભગવાન !!

દોહરા.

પ્રિય મીત્ર ભગવાનને, ભાઇ મુજ ભગવાન;
બાંહ્ય ખરિ ભગવાનને, ભલપણ પણ ભગવાન.
દુર્લભ તું દુનિયા વિષે, મુજ માટે ભગવાન;
પ્રગટયો પણ પાછો ગયો, પ્રિય મીત્ર ભગવાન.
રે પ્રેમાંશી મીત્ર તુજ, મુરત કાજ ભગવાન;
પ્રાંપ્રા મારૂં પકિર પણ, મળે ન કંઇ ભગવાન.
કુંદન ગોહિલવાડમાં, મધુમતિ મહિ ભગવાન;
પારસમણિ મારૂં હતું, ખરેખરૂં ભગવાન.
હું લોઢાને કંનક મય, તેં કીધું ભગવાન;
અસ્રુલિથી ભુંડું કર્યું. તેજ મને ભગવાન.
હું રાંકને રત્ન તું, ભેટ બની ભગવાન;
પણ પ્રારબ્ધ હિણુથકિ, ટકીનઓ ભગવાન;
બહુ બહુ કર્યા પ્રયત્નતેં, દાઝ ધરિ ભગવાન;
કષ્ટ દધિ થકી આજ નહીં, ઉગાર તું ભગવાન.
ભવ્ય સરસ સુંદર સુરત, ગહન કાન્તી ભગવાન;
વાકય સુશીલ હસતો રૂડો, કયાં નિરખું ભગવાન
હર્ષ સહિતનું ભેટવું, આલ્હાદિત ભગવાન;
સંગ છબી લ્હાવો હવે, કયાં લઇશું ભગવાન.
તન મન ધન ખરચ્યું સદા મુજ માટે ભગવાન;
આજે મુજપર પાવતા, પરે વિના ભગવાન.
દિવ્ય ચક્ષુની તુજદયા, ઉપકારી ભગવાન;
સાંભરતાં ભડ ભડ બળું, અંતરમાં ભગવાન.
શાંન્તી શોધું સદંનમા, સરિતી ત્રટ ભગવાન;
કયાં વિરમું પણ હાય હું, તુજ વિણુઓ ભગવાન.

કરવાનું જે કાર્ય હતું તે ગયો કરિને,
એહ પછી મુજ મીત્ર નહિં તું રહ્યો ઠરિને.

નાજુક કદળિ સંમી, સુંવાળી તુજની કાયા;
અરે બિરાદર તોય, કષ્ટ મોજા અથડાયા.

ઝાળ ઝાળ ઓઝાળ, ઝાળ વ્યાપેછે મુજને;
તેં કિધા ઉપકાર ગણે નહીં કંઇપણ તુજને.

કારણ હતું બહુ ક્રુર, કહેવું પણ શું કહેવું;
ઉજળે લુગડે ડાગ, ધાચિને કંઇ નહીં તેવું.

હુંનાનો ઉદગાર, કદિ નહીં ઉરમાં રાખ્યા;
કાર્ય કરી બહુ બેશ, કલંકો કુળના ઢાંકયા.

વિજ્ઞપ્તી.

પ્રિયત્તમ વાંચનાર!!

સુજ્ઞ આર્ય મહાશયો આપગુણ ગ્રાહિક બંધુ વર્ગની સેવામા મારે સુચન કરવું અવસ્યનું છે કે, આજ લાંબી મુદતથી એટલે કે મારી તંદન બાલ્યાવસ્થાથિજ જ્યારથી હું કંઈ સેહેજ સાજ સમજવા શિખ્યો ત્યારથી તે અદ્યાપી પર્યંત આપણા આર્યાવર્તની ઉંચતા અને પ્રાચીન સમયની જાહોજલાલી વિષે મહત કીર્તીના પોકારોની ધ્વનિ તેમજ આર્ય બંધુઓના પ્રાક્રમો અને અત્યુત્તમતા વિષેની સુરસમય અને છટાદાર વાતો આદિ પુર્વ સમયની તેજોમય સ્થીતિ વિષેની ગર્જનાની ઝોળો ભિનભિન સ્થાનેથી માહારી કર્ણેદ્રિ સાથે અથડાવા લાગી, તેમજ અર્વાચિંન સમયની મહારા દેશની સ્થીતિની સાથે સરખાવતાં હું મોહોટી વિમાસણમા આવી પડયો હતો.

બંધુઓ!! અગાઉની ઉત્તમતા અને હાલના હવાલની સરખામણી કરતાં, એવો કયો દેશી બાંધવ હોય કે જેના હૃદયમાં ખિન્નત્તા પ્રાપ્ત ન થાય? બેશક થાયજ પુર્વાર્યાવર્ત્તની પૌઢ પ્રસંશા સાંભળતાં તે ખરી હશે કે, પોલમ પોલ ભરેલો કલ્પીત ગપાટા હશે આ બાબત નિરંણુય કરવાને ઇચ્છા થઇ; અને એજ જીજ્ઞાસાનુસાર કેટલા એક વિદ્વાનોના સંબંધમાં આવતા એ વિષેની ચરચાં ચલાવવી શરૂ કરી. કોઇ જગ્યાએથિ એવાપણ જવાપ મળતા હતા. "કે આર્યાવર્ત કોદ એવી ઊંચતાને પામેલો હતોજ નહીં. પરંતુ હાલ દિનપર દિન સુધરતો આવે છે. અને જે પગલે હાલ હીંદમાં સુધારો શરૂ થયો છે. તેજ રીતે શરૂ રહેશે, તો આપણો દેશ બહુ સારી રીતે સુધરશે. પરંતુ તે બાબત માહારા જીગરમાં જગ્યા કરવાને પામી શકી નહીં. મતલબ કે માહારા હૃદયમા ઠશી નહીં. ત્યાર પછી કેટલાએક વિદ્વાનોની દાખલા દાલીલો ભરેલી વાતો સાંભલવાથી મને એમ તો ચોકસ ભાસ્યું કે, આપણા દેશની ઉંચતા વિષે જે પોકારો સંભળાય છે. તે તદંન સચ્ચાઇથીજ ભરેલા છે. હવે સવાલ એટલોજ બાકિ રહ્યો કે આટલો બધો જે દેશ સર્વોત્તમતાના શિખરની ટોચપર વસનારો હતો તેની આવી હિંનતા થવાનું કારણ શું? અને એ સંબંધી જુદી જુદી સભાઓમાં શ્રવણ કરેલા ભાષણો સાંભળેલી કથાઓ અને વાંચેલા પુસ્તકોથી મેં જે કંઇ કારણો ઉપજાવી કહાડયા છે તે જનસમુદાયના પદ પંકજમાં અભિવંદન સાથે અર્પણ કરૂં છું, જેને માટે ગુમાનકે ધ્રાંકો રાખ્યા વિના કબુલ કરૂં છું કે, મારા વિચારો દોશ યુક્ત હશેજ.

પરંતુ વાંચનાર ગ્રહસ્થોના રહેમ ભરેલા હૃદયથી આશા રાખું છું કે આપ હંસની માફક સાર ગ્રહિ થઇ મારા દેશને માટે મને ક્ષમા આપી સુધારશો.

લી. આપનો આજ્ઞાધિન

બાલુભાઈ કહાનદાસ મણિયાર ભાવનગરી.

5060

આર્યાવર્ત્તની અવદશા

(અવથા)

પડતિના કારણો.

"ઇશ્વર પ્રાર્થના"

રોળા.

નિરંજન નિરાકાર. એક ઇશ્વર તું મોટો;
બિજો ભ્રમ આ બધો, જગતનો માનું ખોટો. ૧
બાલક બુદ્ધિ રંચ, મતિ નહીં મારી ચાલે;
શુદ્ધ બુદ્ધિનું દ્રવ્ય, કૃપા કરિ પ્રભુ તું આલે. ૨
તુજ કૃપાથિ હતી, હિંદમાં સિદ્ધિ સારી;
તુજ કૃપાથિ હતી, સતિ સીતા સંમનારી. ૩
અપાર વેઠયું કષ્ટ, શિયળ સચવ્વા સારૂ;
ત્યાગ કરિ સહુ સુખ, દુ:ખને માન્યું પ્યારૂં. ૪
હરિશ્ચંદ્રની સતિ, પત્ની જે તારામતિ તે;
કર્મદેવી વિખ્યાત, શૂરિ જે અહિં હતી તે. ૫
એ સર્વે તુજ કૃપા હતી, આર્યોપર જ્યારે;
હતી હિંદમા સતી, હતા શૂરાપણુ ત્યારે. ૬
કરૂણા કારી રામ, હતા લક્ષમણની સાથે;
દુ:ખ વિદારણ એહ, હતા હિંદુને હાથે. ૭
યુધ્ધે બહાદુર લવ, કુશ સિતાના જાયા;
લડયા કરિયા હોમ, યુદ્ધમાં અગ્રે ધાયા. ૮
સત્ય શબ્દ વરનાર, પ્રતિજ્ઞા પ્રેમી પુરો;
હતો વિર હરિશ્ચંદ્ર, સત્યને નામે શૂરો. ૯
રહ્યો અંત્યજને ઘેર, તોય પ્રતિજ્ઞા રાખી;
હદવિણુ વેઠયું કષ્ટ, સત્યને સત્યજ દાખી. ૧૦
કુંતા કેરા સુત, યુધિષ્ટર ધર્મ સુરાજા;
ભિમસેન અરજુન, રાખતા બંધુ માજા. ૧૧
અભિમન્યુ મહાવિર, ગયેલી કિર્તી રાખી;
અમર કર્યું છે નામ, ખરૂં શુરાતંન દાખી. ૧૨
શુરાતંનએ હતું, કૃપા પ્રભુ હતી તુજ જ્યારે;
હતા હિંદમાં વિર, હતું શુરાતંન ત્યારે. ૧૩
તુજ કૃપાથિ હિંદ, ગર્જના કરતો પુરી;
તુજ કૃપાથિં હતી, સંતતી સર્વે શુરી. ૧૪

તુજ કૃપાથિ હતા, હિંદમાં કવિયો શૂરા;
રત્નજ કાલિદાસ, દંડિ ભવભૂતી પુરા. ૧૫
નથી હિંદમાં ક્યાંઈ, દ્રષ્ટીયે આજે પડતા;
વૃથા કવિના નામ, દિસે આજે આથડતા. ૧૬
અરે હતો પણ હાય, ગયો નર્મદ મસ્તાની,
ખરિ વિર રસ કાવ્ય, કરંતો દેશભિમાની. ૧૭
અરે ગયા ક્યાં કવિ? રઘુવિર સરખા રાજા;
કૃપા કરિ ઇશ આપ, રહે હિંદુની માજા. ૧૮

સમાપ્ત.

आर्यावर्त्तनी अवदशा.

(અથવા)

પડતિના કારણો

वसंततिलीका

વિરા વિચાર કરશો, બહુ બંધુ ચિતે,
હું અલ્પ બાલ સુચવું, કંઇ આજ પ્રીતે;
બોલું અશુદ્ધ લખું હું, બહુ બાલ બુદ્ધિ,
છું જ્ઞાન હિન મુજમાં નથી લેશ શુદ્ધિ. ૧
તોયે પ્રકાશ કરૂં, આજ વિચાર મારા,
ઇચ્છું ઉરેથી અતિહું, નવલા સુધારા;
ચાહું ચિન્તેથી ક્રુર, બંધન મુળ જાવા,
ઇચ્છું વિશુધ સુખદા, બહુ બેશ થાવા. ૨
વાંચિ વિચારી, ઇન્સાફ મુજ આવવાને,
કુટો કનિષ્ટ સઘળા વળિ કાપવાને;
સર્વે સ્થળેથી બનશો. વિર દક્ષ વ્હેલા,
થાશે વિનાશ સરવે, મુળ ચાલ ઘેલા. ૩

દોહરા.

આર્યાવર્તતણું ભલું, એજ આપણું હિત;
એહ વિચારો નથી હવે, વૃથંમજ એ અતું ચિત્ત. ૧
પરમ શુભેચ્છક દેશિયો, પરમ પ્રિય મુજ યાર;
હું બાલક આજે કંઇ, કિંચીત કરૂં ઉચ્ચાર. ૨

બાલક બુદ્ધિ રંક છું, બાલ શક્તિ મુજ સેજ;
ખાંમી ખોડ તંણિ ક્ષમા, વિનંતી પેહેલી એજ. ૩
અતિ ઉત્તમ અવનિ વિષે, વિધ વિધ દેશ વિશાળ;
પ્રિય પુરણ પણ સર્વમાં, આર્યા વર્ત રસાળ. ૪
સુવર્ણ મય કહેતા બધા, હતો સર્વમાં શ્રેષ્ટ;
કળા કાંમ સરવે હતું, રિદ્ધિ સિદ્ધિ પણ નેટ. ૫
સદ્‌વકતા લેખક અને, વિધ વિધ વળિ વિદ્વાન;
ચો બાજુ બોધક જનો, હતા દેશમાં મહાન. ૬
વિરત્વતા નવ વર્ણવી, જાય જરા મુજથીજ;
એ સર્વે ચાલ્યું ગયું, અરે આપણું વિત્ત ૭
આર્ય પણું આપણ તણું, ગયું સર્વ મુજવીર;
એ કારણ નવ જાણિયે, દિલગીરિ પણ ગંભિર. ૮
બહુ બહુ બીજા દેશ છે, નિહાળો વિધ વિધ રીત;
પણ સુધરતી સર્વની, સ્થીતિ વિચારો ચિત્ત. ૯
આરંભ શૂરા આપણે, ખાંમિ ખોડ અપાર;
વિચાર તેનો થાય નહીં, બેઠા બની ગમાર. ૧૦
અરે અમલ શેનો થયો, થયું નિંદરનું જોર;
જાગૃત હજુ થાતા નથી, પડયા બિછાને ઘોર. ૧૧
સુસ્તીમાં પુષ્ટી થતિ, હજુ જાય છે નીત;
નજર નહીં તે પર જરા, એ પણ કેવી રીત. ૨૬
વિદ્યા તણું વ્યસન નહીં, નહીં વિદ્યાપર પ્રીત;
અવગુણને આધિન થઇ, ગુમાવ્યું વિદ્યા વિત્ત. ૧૩
વિદ્યાના સાધન વડે, જન સઘળે પુજાય;
એ વિદ્યા આપણ કને, કિંચીત નહીં કળાય. ૧૪
વિદ્વાન અને રાજા તણું, નહીંજ સરખું માપ;
રાય પુજાયે દેશમાં, સઘળે વિદ્વજ આપ. ૧૫
વડિ કીર્તી વિદ્યા વળિ, વળિજ છાનું ધન;
એ વિદ્યાને આપણે, કરતા નથિ પ્રસન. ૧૬
રાજ્ય સભા વિષે વળી, વિદ્વજનો પર પ્રીત;
વગર ભણ્યાને નવ ગણે, પશુની પેઠે નીત. ૧૭
કલ્પ વૃક્ષ વિદ્યા વડું, ફળ જેના વખણાય;
વિદ્યાનો મહિમા નહીં, કથતા રંચ કથાય. ૧૮
ભાગ લાગ માગે નહીં, નહીં વેરો નહીં વેઠ;
વાવરતા નિત નિત વધે, એવિ વિદ્યા શ્રેષ્ટ. ૧૯

માતુ તુલ્ય વિદ્યા અને, ફળદાતા સૌ વખ્ત;
એહ ગુંમાવિ આપણે, પડતિ કારણ સખ્ત. ૨૦
તેમજ આપણ દેશમાં, કુસંપનુ પણ જોર;
માંહો માંહ લડિ મરે, કેવું હૃદય કઠોર. ૨૧
સકળ સંપ સરિતા વિષે, કુસંપ આપણ ઘેર;
સઘળાથિએણે કર્યો, સરવે કાળો કેર. ૨૨
કુસુંપ કેરા કોળીયા, થયા આપણે સર્વ;
વાદ યુદ્ધ વાધ્યું વળિ અધિક વાધ્યો ગર્વ. ૨૩
કુસુંપ શત્રુ આપણો, કુસુંપ સત્યા નાશ;
કુસંપે આવી આપણા, દુઃખનો કર્યો પ્રકાશ. ૨૪
કુસુંપથી રાવણ તણું, ગયુંજ પૂર્વે રાજ;
નવ ગ્રહ જેને વશ હતા. તો પણ બગડયું કાજ. ૨૫
પાંડવને કૌરવ તણિ, વિચારો દિલમાં વાત;
કુસંપથી દુઃખિયા થયા, અરસ પરસ સહુ ભ્રાત. ૨૬
આધુનિક આપણુ તણિ, રીત વળી દુઃખ દાય;
સાંભળતા સજ્જન ઘણા, અંતરમાં શરમાય. ૨૭
બાપ લડે દિકરા થકિ, ભાઇ ભાઇની સાથ;
વ્હેુ વાઇયો લડતા દિસે, એક બીજા સંગાથ. ૨૮
કામ નિયો કારણ વિના, વડે ઘણી વઢ વાડ;
મેણાં ટુંબા મારિને, કરે ઘણી રંઝાડ. ૨૯
માટિ કાચા કાનના, કાન ફટિની વાત;
સાંભળવા આતુર બહુ, જરાન જોહ પછાત. ૩૦
જોગણિયો જેજે વદે, ભભરાવી સંભાર;
એ સરવે સાચું ગણે, મુરખના સરદાર. ૩૧
બાયડિને વશ બાયલા, સુણી કથાના કેર;
ગુસ્સે થઇ ઘુંમે ઘણા, વિધ વિધવાવે વેર. ૩૨
ઇર્ષા બિજ અતિ ઘણા, જેના ઉગ્યા ઝાડ;
ઘાટાં ઘટ એ પણ બની, બહુધા કર્યો બિગાડ. ૩૩
ઇર્ષાથી બુરું થયું, અરે આપણું ખુબ;
નજર કરિને નિરખતાં, જણાય આએ હુબ. ૩૪
વિદેશી શત્રુ આપણાં, જેણે લીધો લાભ;
ઇર્ષા આપણને નડી, એ પણ પૂરા પાપ. ૩૫
જય ચંદ્રે ઇર્ષા કરી, પૃથિરાજપર પુર;
ખરા ગઇ લક્ષ્મી ગઇ, ગયુંજ સઘળું નુર. ૩૬

કુસંપને હર્ષથકિ, અરસ પરસ નહીં પ્રીત;
ખટપટનાં શસ્ત્રો સજી, તત્પર રહો ખચિત. ૩૭
બાળ લગ્ન બુરિદશા, જડ કાઢી જગમાંય;
બુરા હાલ તેણે કર્યાં. આપણુ તણા સદાય. ૩૮
વરનાનો કંન્યાવડિ, અભણુ ભણેલા સંગ;
ભણેલી પાષાણે પડે બાળ લગ્નના જંગ. ૩૯
નાનો વરતે નાગમે. કંન્યાને કિંચીત,
પોતાથિ મોટી પ્રિયા, રૂચેન વરના ચિત. ૪૦
જન્મજ જોડ કજોડની, બાળ લગ્નથિ થાય;
કુમળા બાળક નાઅરે, અંતર અતિ ચિરાય. ૪૧
સ્વભાવ પણુ મળતા નહીં, બાળ લગ્નથિ થાય;
માત પિતા લ્હાવો લિયે, પણુ બાલક ગભરાય. ૪૨
બાળપણે પણવાથકિ, કાચ્ચું વિર્ય ચુંથાય;
તેના બાળક તો પછી, પિળા પેપલાં થાય. ૪૩
વદ્દઘ તણો આજે વધ્યો, પુર્ણ પણે વેપાર;
એપણુ કારણુ બાળના, બાળ લગ્ન નિરધાર. ૪૪
પ્રથમજ વીશ પુરાંનહીં, જેને વર્ષ ગણાય;
ધાતુ પુષ્ટીની દવા, તો પણ ખંતે ખાય. ૪૫
ચશમાને માટે વરસ, કહેતાં એંતાળિશ;
આજે તેનો નિયમ નહીં, સોળ સતરકે વીશ. ૪૬
વંણુ ટાંણે ફળ તોડિયો, તેનું શું ફળ થાય;
એ ફળ કાંઇ હોંશથી, મુખમાં નહીં ખવાય. ૪૭
તેમજ પુખ્ત ઉમર વિના, વિર્ય ગમન શરૂ થાય;
નવાં નવાં દર્દો પછી, બહુ બહુ પેદા થાય ૪૮
નિરોગી નહીં કાયા અને, નહીં નેત્રોમાં તેજ;
દવા લેવી દર્દોતણી, ચશ્મા જોઇએ સેજ. ૪૯
બાળ લગ્નના નામને, જુવે બાળવું જેહ;
તેનાપર વધતો હજુ, દિસે દેશમાં સ્નેહ. ૫૦
વૃદ્ધપતિની વેદના જાણો શિઇ જરૂર;
દિકરિયો દુઃખિઅને, જેહ થકિભર પુર. ૫૧
બિચારી બાળા પછી, કુમળિયો કરમાય;
નુર તેજ તેનાં અરે, બળિભસ્મ થૈ જાય. ૫૨
મિંઢોળ બાંધો મેલિને કેવું હૃદય કઠોર;
કહેવું શું મુજ બંધુઓ, ખરો નરકનો નોર. ૫૩

કંન્યા વિક્રય પણ વધ્યો, એ પણ પુરા ભોગ;
પડતિના કારણ બધા, કિસ્મતના સંયોગ. ૫૪
અવરતજિ વેપારને થયા વ્હેપારિ મોટ;
દિકરી વેચિ દળદરો, દુર કરવાની ચોટ. ૫૫
નિજ પુત્રીની દેહિનો, વકરો કરતા કેમ;
લાજ શરંમ આવે નહિં, હું પુછુંછું એમ. ૫૬
કહો છો કંન્યા દાંનપણ, શ્યાનું કંન્યા દાંન;
પૈસા કેરા પોટલા, ભુલો છ શું હેવાંન. ૫૭
વેસ્યા કેરિપૂત્રીતે, પરચુરંણ પરખાય;
તેમ તમારી દિકરીને, એક ખરિદી જાય. ૫૮
દિકરી કેરા દ્રવ્યથી, ખુશી થાઓ નાદાંન;
પણ નાંણા નહીં રકત છે, સાંન કરૂં એભાંન. ૫૯
સુવર્ણ ધારિ દિપકને, પડે પતંગો જેમ;
જાંન ખૂવેછે આપણો, અરે તમારૂં તેમ. ૬૦
પૈસા પાત્ર થવા અરે, ભોળા થઇ ભરમાય;
પણ સમજે નહીં રંચકે, એક આવ્યે બે જાય. ૬૧
સ્થાવર જંગમ મિલ્કતો, વેચો ધરિ પ્રયાસ;
પણ નિજ પુત્રી વેચતાં, હ્રદયે પાંમો ત્રાસ. ૬૨
ત્રાહિ ત્રાહિ પામી કહું, કરૂં અધિક પોકર;
પુત્રીના પૈસા કરો, ધુળ પડિ અવતાર. ૬૩
પૂત્રીના પૈસાથકિ, પરણે બંધુ બાપ;
તેવાને આપુ અરે, કેવા શબ્દથિ શ્રાપ. ૬૪
કોથળિયો કરમાં ગ્રહો, કરતાં વેવિ શાળ;
પણ પણતાપાછા વળિ, બનો દૈત્ય વિક્રાળ. ૬૫
મૃત્યુનો ભય તો નહીં, નહીંજ ઈશ્વર બિક;
પૈસા લ્યોછો પુત્રીના, કહું કેટલું ધિઃક. ૬૬
લગ્ન સંબંધિ કાયદો, મળે ન ચોકંકસ એક;
વિના કાયદે ફાયદા, ગયા હાથથિ છેક. ૬૭
અશ્વ ઉપર અસ્વાર થૈ, ચઢવી નહીં લગાંમ;
તો સમજણ સત્વર પડે, વિના લગાંમે આંમ. ૬૮
સવેલી કન્યા જાયને, વેર હ્રદય રોપાય,
જ્ઞાતિમાં દૈવત્ત નહીં, એ પરણેતર થાય. ૬૯
પરણેતરની નહીં રજા, જ્ઞાતિ તંણી જરૂર;
અન્યાય પછી પુશકળ બને, ક્રુર મહા મગરૂર. ૭૦

જે બંધન જુવે નહીં, તે બંધન છે બેશ;
જરૂર જે બંધન તણિ, મળે ન તેતો લેશ. ૭૧
બ્રાહ્મણને આપ્યો અરે, એવો તે શું હકક;
કે જ્ઞાતિની બિનરજા, અપાવે એવી તક. ૭૨
બિજા બહુ બહુ લાકડા, ભટ્ટાના વિધ વિધ;
ઉધાર ઉધરાંણી નહીં, ચડે ન શાથિ ખિજ. ૭૩
શિર ફોડિ લોહી છાંટવા, તંણિ બતાવે બિક;
બેસે જ્યાં ત્યાં લાંઘવા, ફાવ્યું એ પણ ઠીક. ૭૪
મોજ મજાને માંણવા, વિષે જરા નહીં દાબ;
ખેલ ખેલવા ખંતથિ, પકડયો પંથ ખરાબ. ૭૫
દુરાચાર દુર્બળ મટી, થયોજ સબળો શૂર;
નજર કરો મુજ બંધુઓ, ચક્ષુ થકિ જરૂર. ૭૬
એક વચન ઉડિ ગયું, પ્રગટયો પુર્ણ પ્રપંચ;
વ્યભિચાર વાધ્યો વળી, થયુંજ સઘળું અંધ. ૭૭
વિધવાકે સધવા પછી, કોળિ નાળિની નાર;
ખવાસ ગોલાંકે યવન, જરા ન કંઇ વિચાર. ૭૮
છિનાળાં છચોકતો, કરે ગણી મોટાઇ;
તેવાને કોઇ જ્ઞાતિમાં, જરા ન પૂછે ભાઇ. ૭૯
ઇન્સાફો વેચાય છે, પટેલિયાના પૂર;
અજબ ગજબ મુજ બંધુઓ, વધુ શું એથી ઉર. ૮૦
પ્રભુ તુલ્ય જે પંચ છે, કરે અદલ ઇન્સાફ;
તેમા પણ આતું બને, પછી શું બાકિ પાપ. ૮૧
ગુન્હો હોય ગરિબનો, તો ઝટ છેડો થાય;
દંડ દિયે કે જ્ઞાતિથિ, બહાર તુરત મુકાય. ૮૨
પણ પૈસા વાળા કદિ, કરે અધમ કંઇ કામ;
દાબ્યું દુબ્યું જાય વહિ, નહીં તો તડનું નામ. ૮૩
સાલ શૂળિ જેવા અરે, જૂઠા જૂંના બંધ;
નાશ નહીં તેનો કરો, એ પણ કેવું અંધ. ૮૪
કુલિનતા કાળિ દશા, જુના વખતના જંમ;
ઝમ્પ અરે કયાંથિ વળે, પડે ન મુજને ગમ. ૮૫
કખ કંઇ નવ આવડે, જાણે નવ કંઇ બાબ;
કુલીન કુળમાં જનમતાં, મળે રૂડો ઇલકાબ. ૮૬
ધર્મ મર્મ જાણ્યા વિના, પકડે વિધ વિધ પંથ;
બગલા કેરી જાળમાં, જાય ફસાતા અંધ. ૮૭

ધર્મ ધુતારા દેશમાં, ધરે સત્યનું ડોળ;
આચાર્યો મનમાં રચે, પ્રપંચની બહુ ચોળ. ૮૮
રૂપાળિ બાળા બહુ વિષે, દર્શનમાં દેખાય;
ધર્મ ગુરૂઓ ધુળ પડિ, જ્યાં તમ દૃષ્ટી જાય. ૮૯
કુટણિયોથિ કારમા, કરો કૃત્ય બહુ નિંદ;
એ કારણ તુજ પડતિનું ખરે ખરૂં ઓ!! હિંદ. ૯૦
નિજ ભકતોની પુત્રિયો, તરફ નજર લલચાય;
તે સમયે શિદ તમ તણા, શિષ કતલ નવ થાય. ૯૧
હરેક હુન્નર હાથથિ, ખોયા બનીને સુસ્ત;
ગાલ પુરાણી ગપ તણા, રસિયા થઇને ચુસ્ત. ૯૨
વખત તણી કિંમત નહીં, નહીંજ કંઇ વિચાર;
ગપ સપ મારી સાંભળિ, મુરખના સરદાર. ૯૩
દેશાટન વિણ દુર દશા, ફરેન એ પણ સિદ્ધ;
દેશાટનથિ પામીશું, વિધ વિધ રૂડી રિદ્ધ. ૯૪
અનુભવ દેશાટન થકિ, વિધ વિધ લાભ અનંત;
પણ તે નહીં વિચારવું, બાંધિ બેઠા તંત. ૯૫
જાય વિલાયતકે કદિ, જઇને આવે જેહ;
અભડાવું એનાથકિ, ઘડયો કાયદો એહ. ૯૬
દલિલ દિલ ધારો નહીં, જરાન ધારો મેહેર;
પતિત જ્ઞાતિથી કરો, એ પણ કાળો કેર. ૯૭
અધિક ધિક કર્મો કરે, રહિને અત્રે જેહ;
તેને તો શિક્ષા નહીં, કરૂં અરજ કયાં એહ. ૯૮
વિદ્યા ભણવા કારણે, બહુ બહુ વેઠે કષ્ટ;
એનાથિ થાવુ અરે, વિચાર્યું શિદને ભ્રષ્ટ. ૯૯
ફરવું તો ચરવુ રહ્યું, એ કહેવત અનુસાર;
શા માટે કરવું નહીં, કરો કેમ ધિક્કાર. ૧૦૦
ખિલે બાંધ્યું ઢોરતે, બિચારૂં શું ખાય?
તેમજ ખિલે આપણે, બંધાયા આવાર. ૧૦૧
કહે ભણવાથિ કાંઇ નહીં, ગણવા તણી જરૂર;
દેશાટન વિણ ના બને, જૂવો વિચારી ઉર. ૧૦૨
દેશાટન કરનારને, સજ્જડ સાંકળ જેહ;
નરે છતે છુટે નહીં, દિલગીરી દુઃખદા એહ. ૧૦૩
પંડિતની વાતો નહીં, પસંદ આવે રોજ;
પણ આનદિ જીવડા, તણિજ કરિયે ખોજ. ૧૦૪

વિદ્વાનોના સ્પર્શ વિણુ, જડતા તેશે જાય;
પારસ મણિ અડકયા વિના, લોહ કનક નવ થાય. ૧૦૫
ભંગિ જંગીને વળી, મુરખના સરદાર;
ભ્રષ્ટ થયેલા પણ દિસે, જ્ઞાતિ શેઠ ગમાર. ૧૦૬
નાવ તણો સુખવાણિ તે, હોય ઘણો બહાદુર;
તેમજ જોઇયે શેઠિયા, અકલથિ ભરપુર ૧૦૭
દૂશિ ઇર્ષા ઔરને, તંતિલાના જામ;
તેવા શેઠોથી કદિ, બને ન રૂડા કામ. ૧૦૮
મોટા મનના મેહરથી, નમ્રતાઇ ભંડાર;
વિદ્યાના સંસ્કારિનું, છત્ર ધરો આવાર. ૧૦૯
સ્વતંત્રતાને વેચિને, કર્મ હિણા પર તંત્ર;
નાણાનાજ ગુલામ થઇ, વગાડે પરના જંત્ર. ૧૧૦
ભાઇ.ાી ધોડિને ખમા. ભાઇ રિઝાવા કાજ;
અવગુણ કેરા કોથળા, એના નહિ અવાજ. ૧૧૧
પ્રમાણિક પણા તણો, અંશજ નહીં જણાય;
ફસાવિને ફાવી ગયો, એજ રૂડો વખણાય. ૧૧૨
પણ પરના દૂર હિતથી સિદ્ધિ કદિ ન થાય;
નામ નિશાનીના રહે, જડા મુળથી જાય. ૧૧૩
વેપાર વણજ રૂચે નહીં, રૂચે નોકરી નિચ;
નાણા વાળા પણ જુવો, શોધે પંથ ગલિચ. ૧૧૪
ઉદ્યોગ ઘટયો વિદ્યા ઘટિ, ઘટીજ હિમ્મત પૂર;
પછી પડતિને આવતા, કરવા કોને દુર. ૧૧૫
નિરાશ્રીતના ફંડનુ, નથિ બરાબર નામ;
ધનવંતા ડરતા ફરે, ઘટશે જાણે દામ. ૧૧૬
ફાંદ વધારી ફાતડા, ફરે બની મગરૂર;
ફુંકે બણગાં ફુરસદે, કરશું આમ જરૂર. ૧૧૭
બુટ ઇસ્ટાકીંન પહેરીને, આથડે ઓથડ નાથ;
પણ કદિએ પરહિતમા, કરે ન લાંબો હાથ. ૧૧૮
આવ્યા આપણ એકલા, જવું એકલાં જાણ;
ધન દોલત રહેશે પડયા, ભુલો છ શું નાદાન. ૧૧૯
ભાગ્યવંત તમને કર્યા, પ્રભુએ મોટા ભૂપ;
સન્મારગ તેનો થવા, નહીંજ કરવા ચુપ. ૧૨૦
દુઃખિ દરિયા ઉલેચવા, રંકની કરવા વાર;
ઇલાજ આપ્યા ઇશ્વરે, વધુ વધુ તમને યાર. ૧૨૧

અભિમાન ઉરથી તજી. કરો જરા કંઈ રહેમ;
રટના રાખો હૃદયમાં, રહે સુખિ બંધુ કેમ. ૧૨૨
હરાંમિ હિચકારા બહુ, દરબારે દંડાય;
તસ્કરથી લુંટાય કે, બળિ ભસ્મ થઇ જાય. ૧૨૩
એહ થકિ હલકિ રીતે, દ્રવ્યતણો વ્યય થાય;
બને પ્રજેતિ બહુ વિધે, હસ્તથી નવ ખરચાય. ૧૨૪
સંપ નામ રહ્યું નથી, કહ્યું છ આગળ એમ;
લક્ષ્મી સંપત ના વધે, સંપ વિનાની તેમ. ૧૨૫
સંપ ચહો મુજ બંધુઓ, અન્યની પહેલાં એક;
દુઃખિ દળદર સરવે જશે, સંપ થવાથી છેક. ૧૨૬
ગઇ સંપત સહુ આપણિ, મેળવશું બહુ પેર;
હલકો પણ ભારે બને, જુવો સંપની લહેર. ૧૨૭
વિધ વિધ સંપત સંપથી, થશે અધિક આબાદ;
ગુણવંતા જન જાંણશે, સંપ તણા સહુ સ્વાદ. ૧૨૮
સંપ વિના શાંન્તી નહીં, સંપ વિના નહીં સુખ;
સંપ વિના ટળશે નહીં, પુરંણ પુરાંણા દુઃખ. ૧૨૯
નબળા જન ઝાઝા મળી, કરે સરસ જો સંપ;
સબળાને હંફાવશે, દિયે નવળવા ઝંપ. ૧૩૦
લાકડિ હોયે એકતો, મુષ્ટિથી ભંગાય;
પણ ભારો જો બાંધિયે, કદિ કટકા નવ થાય. ૧૩૧
કિડી ઝીંણું જીવ છે, એક સંપજો થાય;
મોહોટા નાગ તણા જુવો, જીવ તેહ લઇ જાય. ૧૩૨
જે ઘરમાં નથિ સંપતે, ઘરમા બહુ બહુ કલેશ;
લાજ ઘટે નિજ કુળની, બને પ્રજેતી બેશ. ૧૩૩
પૂસ્તક પાંના નારચે, કદિક વાંચી જોય;
નિરથક નાટક રાગડા, કે શ્રંગારિ હોય. ૧૩૪
એ પોથાં થોથાં સમાં, એમા શું છે હિત;
એ કેલવણિ ઉલટી, ખુવારિની ખચિત. ૧૩૫
જેમાંથી બુદ્ધિ મળે, એવા સુંદર ગ્રંથ;
એહ વિના મળવો નથી, સુખદા પુરંણ પંથ. ૧૩૬
ગલિચ્ચ કુપના જીવડા, શું જાણે શું બાર;
તેમજ વિણ વાંચન મળે, મનુષ્યને નહીં સાર. ૧૩૭
વાંચન અમૃત નિર છે, વાંચન બુદ્ધિવૃંદ;
માટે મારા બંધુઓ, કરો એ સુખદા છંદ. ૧૩૮

બાળકનું નહીં માનવું, એ પણ અવળિ રીત;
જકિક પણ કયાંથિગડયું, ગજ બિગાંડુ વિત્ત.
સબળ સભાઓ થાય નહીં, એ પણ છે અપમાન,
કિંમત કરી શકાય નહીં, કારણ કે અજ્ઞાન.
સાકર લાગે કારમિ, ગરદ્દભને મન વિષ;
તેમજ નામ સભા તણું, સુંણિ ચઢે બહુ રિશ. ૧૪૧
આળસ આવે આઠ ગંમ, આંટાનો અફસોસ;
નાચ રંગ જો હોય તો, અધિક વાધે હોંશ. ૧૪૨
સ્ત્રિ કેલવણિના વિના, પ્રગટયો પુરણ વ્હેમ;
જ્ઞાનહિંન જાંણે નહીં, કારણ તેનું કેમ ? ૧૪૩
જોગિ જતિને જોગટા, જોશીબાવા પૂર;
ભમાવિ ભામાને કરે, વ્હેમ વિષે ચકચુર. ૧૪૪
ગ્રહપિડ છે માટે કરો, શનિ રાહુનું દાન;
હા હા કહિને સાંભળે, મળે ન જેને સાંન. ૧૪૫
જપ રૂદ્રિ કરવા થકિ, મિટે સઘળા રોગ;
સિધાને પૈસા તંણા, ભલા કરાવે ભોગ. ૧૪૬
જતિ કે જાંણું મંત્ર હું, દુર કરૂં વળગાડ:
નકિક આવ્યા ચોટમા, નથિ દરદ્દ કંઇ નાડ. ૧૪૭
નાડિ વૈદું હું કરૂ, વળિ હું જાણું મંત્ર;
એ બને આપણ કને, બહુ છે સારા યંત્ર. ૧૪૮
તમ પર સ્વામિનો નથિ, કહું છું પુરણ પ્યાર;
કારણ તેનું ઓર છે, પછી કરિશ વિસ્તાર. ૧૪૯
બિચારી બાલા અભણતે, કરે ન બિજી ખોજ;
નિચ જતિની જાળમાં, જાય ફસાતિ રોજ. ૧૫૦
ખાખિ જોગિન ઘણા, અતિતના કહું ખેલ;
રાજા નામે તેલિયા, દિલપર પુરણ મેલ. ૧૫૧
જાણે દોરી દૈવની, હાથજ એને હોય;
એતો આપે દિકરા, કહો યે માને કોય. ૧૫૨
પણ ભોળિ ભરમાય છે, નહીં વિદ્યા બળ એજ;
નહી તો લુચ્ચા શું ટકે, વિદ્યાની પાસેજ. ૧૫૩
કહે નેપોલિયન દેશને, કરવા આબાદાન; } શીબોધ
સરસ રિત છે એજ કે, દ્યો માતાને જ્ઞાન. } ૧૫૪
લગ્ન ફટાણા પણ જુવો, વિષયી પૂરા ફાગ;
રૂડે વખતે પણ લિયે, ભુરો આવિને લાગ. ૧૫૫

અજ શરંમ તેમા નહીં, નહીં બોલતા ઢંગ;
ત્રણિક વેળા થાય છે, એથિ મોટા જંગ. ૧૫૬
એ અદબિ ભાષણ સુણિ, શરમ જરિ નવ થાય;
ભાઇ બાપથિ તો અરે, શિ રિતે સંખાય ૧૫૭
હેરત હું પામું ઘણો, આશું ગાંડિ રીત;
હોળિ કેરા પ્રાગતે, લગન તણા શું ગિત. ૧૫૮
પ્રથંમજ વરને પોંખવા, તણિ દિસેજે રિત;
તેમા પણ કજિયાતણિ, બાજિ ખરેખચિત્ત. ૫૫૯
સાસુ તાંણુ નાંકતો બૈરામાં વખણાય;
વરકદિ દેજો તાંણવા, શક્તી હિંન ગણાય. ૧૬૦
કાંચળિને તંબોલની, પાપડની પંચાત;
ફેરા ફરતા પણ જૂવો, હુંશાતુંશીની વાત. ૧૬૧
એથિપણ અધિકા બહુ, નિંદીત પેઠા ચાલ;
કહો નિકળશે કેમએ, કરિ કારમા સાલ. ૧૬૨
હિજીવવંતી સુંદરિ, પૃથંમ વખત જે થાય;
તેની આપણ લોકમા, પચમાશિ બંધાય. ૧૬૩
પૃથા પડિ પચમાશિની, જે બહુ દુષ્ટ રિવાજ;
પણ તેથિ બરૂં કહું, ઘેન અઘરણીકાજ. ૧૬૪
વળિએમાં કરવા વરા, ચાલે નહીં નિરધાર;
પાય માલ બનવાતણા, એ સહુ કુર વિચાર. ૧૬૫
શિકાર કિધો વાઘનો, કે શું જીત્યું રાજ;
પ્રસિદ્ધતા પુરી કરો, જરૂર છે શું કાજ. ૧૬૬
નકાંમિ આવી કૂથલિ વિષે રહિ મૂજયાર;
ગુંમાવ્યું સર્વસ્વ તે, શું કહું વારંવાર; ૧૬૭
મૂવાની પાછળ અરે, રહો રડિને રોજ;
એ પણ કેવુ ઉલટું, શોકજ નકાંમોજ. ૧૬૮
નામ ધરાવ્યું તેહનો, થશેજ નકિક કાળ;
વ્હેલો કે મોડો પછી, વૃદ્ધ યુવાકે બાળ. ૧૬૯
ઉપાય નહીં જ્યાં આપણો, ઇશ્વર હાથ લગાંમ;
જોર જહાં ચાલે નહીં, આપણુ તણુ તમામ. ૧૭૦
શોક હૃદય ધરવો નહીં, સજી સમજ મુજ યાર;
રડા કુટન ચાલને, અટકાવો આવાર. ૧૭૧
પ્રદેશ મૃત્યુ થાય છે, તેની અંહિ મોકાંણુ;
માંડે સ્ત્રિ પુરૂષો મળિ, મુવા બરાબર જાણુ. ૧૭૨

એ પણ   િ રીત છે, છે નિરથકતું
વખત ગુંમાવાની અરે, ધાંધલમાં શું મા
હોળીના દિવસ વિશે, તેડે ઘેર જમાઇ;
જમાડિને પાછળ કરે, ખુબ ખૂવારિ ભાઈ.
ભૂંડા બોલે ફાગને, મુત્ર કુંન્ડીના મેલ;
એઠાને જુઠા તણી, જમાઇ શિરપર રેલ.
વર્ણવતા આવે મને, કંટાલો બહુ પેર;
પણ બંધુના દિલમા, જરાન ઉપજે ઝેર.
મુવાની પાછળ જમો, વ્હાલ ધરિ મિષ્ટાન;
જલેબિ લાડુ રાઇતા, થકિ કરો ગુલતાંન. ૧૮
માંણસના મરવા વિષે, લાભ અરે શૂં થાય;
કે પાછલ પૈસા ઘણા, ખાવામાં ખરચાય. ૧૭૮
વિવાહમા નહીં જમણ જો, કરેતો ચાલ્યું જાય;
મરણા પાછલ તો અરે, જરા ન ચાલે કયાંય. ૧૭૯
પૈસા નવ હોયે કદી, દાગિના વેચાય;
દાગિના નવ હોય તો, વ્યાજ ઉછીના થાય. ૧૮૦
કેવિ અવળિ રિત છે, કેવિ અવલી વાત;
પણ એછે અટકાવવું બધા બધુંને હાથ. ૧૮૧
સુવાવડિ મરી જાય તો, ખુલ્લું રાખે મ્હોંય;
મ્હોં જોતે મુડદા તણું, શેકર વિષે સહુકોય. ૧૮૨
મુવાનું મોહડું અરે, ખુલ્લાનું શુ કામ;
એને પિળ કપાળમા, ચારે જૂવે નહીં આંમ. ૧૮૩
બિચારી બાળા બહુ, ભરજોબનમા સ્હોય;
તેના મૃત્યુ પાછળે, આ ચાળા નવ હોય. ૧૮૪
પ્રિય પત્ની મરિ જાયતો, હૃદયે તેલ રેડાય;
તેને માથે પાઘડિ, કસુંબી શેબંધાય ? ૧૮૫
આભડવામાં પાઘડિ, પેહરિને વર જાય;
રાંડેલો વળિ સર્વમા, પાઘડિ થકિ કળાય. ૧૮૬
બાંધનારને ધિઃક છે, કહેનારને તેમ;
પ્રમદાના મૃત્યુ સમય, આમ સુજે છે કેમ? ૧૮૭
ઉદાહરણ શું આપવું, અતિ થાઉં દિલગીર;
બંધારંણ બહુ બાંધવા, ધુંમ્યા ન મારા વિર. ૧૮૮
સંપ સુસંપ વધારિને, કર્યું ન ભેળું જોમ;
સુધારા કરવા વિષે, કર્યું ન કદિયા હોમ. ૧૮૯

દશના માનવિ, આર્યં આ ામ;
ણુ નવ પાળિયે, એ પણ અવળું કામ. ૧૯૦
થડતો અજ્ઞાનનું દાસતણો હું દાસ;
ભુલ ચુકતણિ ક્ષમા, હું માગુ તમ પાસ. ૧૯૧

સમાપ્ત.

અવશ્યની સુચના—આ બાળ પુસ્તકમાં કોઇક સ્થળે કડુતાનો ભાગ પણ માલમ પડયો હશે; પરંતુ તે કડુતા તેનાં દરદીને માટેજ છે સુજ્ઞોને માટે નથી.

મુંબઇ—રાજ્યભક્ત પ્રીન્ટીંગ પ્રેસમાં જૈની તથા બીજી જાતના તેમજ આ પુસ્તક પણ રોકડિ કિંમતે મળશે. ઠે. ભીંડીબજાર.

